# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-08-2026** **EVENING: 5.45 TO 5.55**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

******************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ 80-મા સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ આજે સાંજે સાત વાગ્યે રાષ્ટ્રને સંબોધિત કરશે.

2) સ્વતંત્રતા પર્વ નિમિત્તે પ્રજાજોગ સંદેશમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાષ્ટ્રહિત પ્રથમનો ભાવ હંમેશા હૈયે રાખી વિકસિત ગુજરાતના નિર્માણનું આહ્વાન કર્યું.

3) અમદાવાદની સોલા GMERS હૉસ્પિટલ ખાતે સ્થાયી તબીબી મંડળની રચના કરવા રાજ્ય સરકારનો નિર્ણય.

4) મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં આવતીકાલે અમરેલીમાં સ્વતંત્રતા પર્વની રાજ્યકક્ષાની ઉજવણી – વહીવટી તંત્રની વિશેષ તૈયારી.

5) દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં આવતીકાલે વરસાદનું યલો અલર્ટ.

----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PREZ ADDRESS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ 80-મા સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ આજે રાષ્ટ્રને સંબોધિત કરશે. રાષ્ટ્રપતિનું સંબોધન સાંજે સાત વાગ્યે આકાશવાણીની તમામ રાષ્ટ્રીય ચેનલ પર પ્રસારિત કરાશે. આ સંબોધન દૂરદર્શનની તમામ ચેનલ્સ પર હિન્દીમાં પ્રસારિત થશે. ત્યારબાદ રાષ્ટ્રપતિનાં સંબોધનનું અંગ્રેજી સંસ્કરણ પણ પ્રસારિત કરાશે.

દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધનનાં પ્રસારણ બાદ તેનું પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારણ દૂરદર્શનની તમામ પ્રાદેશિક ચેનલ પર કરાશે. ઉપરાંત આકાશવાણી પોતાની સંબંધિત પ્રાદેશિક ચેનલ પર રાત્રે સાડા નવ વાગ્યે રાષ્ટ્રપતિશ્રીનાં સંબોધનનું પ્રાદેશિક ભાષાના સંસ્કરણનું પ્રસારણ કરશે.

# CM PATEL PRAJAJOG SANDESH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાષ્ટ્રહિત પ્રથમનો ભાવ હંમેશા હૈયે રાખીને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણનું આહ્વાન કર્યું. 80-મા સ્વતંત્રતા પર્વ નિમિત્તે પ્રજાજોગ સંદેશમાં શ્રી પટેલે સૌ નાગરિકોને સ્વતંત્રતા દિવસની શુભેચ્છાઓ પાઠવી. તેમણે દેશને આઝાદી અપાવનારા વીર શહીદો અને નામી–અનામી સ્વાતંત્ર્ય વીરોનું સ્મરણ કરીને તેમના ત્યાગ, તપસ્યા અને બલિદાનને બિરદાવ્યા. શ્રી પટેલે કહ્યું, રાજ્યભરમાં હરઘર તિરંગા અભિયાનથી જનજનમાં રાષ્ટ્રહિત પ્રબળ બનાવાયું છે.

શ્રી પટેલે વર્ષ 2047 સુધીમાં રોજગારીના સર્જનમાં નારીશક્તિની ભાગીદારી 75 ટકા સુધી લઈ જવાની નેમ વ્યક્ત કરી. તેમણે કહ્યું, આવનારા સમયમાં વિકાસ અને અર્થતંત્રની પ્રગતિમાં ટેક્નોલૉજી મુખ્ય પરિબળ બનવાની છે એ વાત નિશ્ચિત છે. ટેક્નોલૉજીના અને ઉભરતા ક્ષેત્રમાં ગુજરાત મહત્વના ખેલાડી તરીકે ઉભરી આવ્યું હોવાનું પણ પોતાના સંદેશમાં ઉંમેર્યું.

# VIBHAJAN VIBHISHIKA DIVAS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમરેલીમાં વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે તેમણે 14 ઑગસ્ટ 1947ના દિવસને દેશના ઇતિહાસનો સૌથી કરુણ દિવસ ગણાવ્યો. શ્રી પટેલે કહ્યું, આઝાદી મેળવવા દેશે ચૂકવેલી મોટી કિંમતનું સ્મરણ રહે તે માટે વર્ષ 2021થી દેશભરમાં આ દિવસની ઉજવણીની શરૂઆત થઈ.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

ઉલ્લેખનીય છે કે, વર્ષ 1947માં વિભાજન દરમિયાન પોતાના જીવ ગુમાવનારા અને અસહ્ય પીડા સહન કરનારા તમામ લોકોને સમગ્ર દેશ આજે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે.

# SOLA PERMANENT MEDICAL TEAM

અમદાવાદની સોલા ગુજરાત તબીબી શિક્ષણ અને સંશોધન મંડળી – GMERS હૉસ્પિટલમાં સ્થાયી તબીબી મંડળની રચના કરાશે. રાજ્યના વિદ્યા સહાયકો, પ્રાથમિક અને માધ્યમિક શાળાના વર્ગ ત્રણના શિક્ષકો અને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ – GSRTCના વર્ગ ત્રણ અને ચારના કર્મચારીઓની રજૂઆત બાદ આ નિર્ણય કરાયો હોવાનું આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરીયાએ જણાવ્યું.

તેમણે કહ્યું, આ મંડળની રચનાથી કર્મચારીઓને સ્વાસ્થ્ય કારણોસર આંતર-જિલ્લા બદલી માટે જરૂરી તબીબી પ્રમાણપત્ર અને અભિપ્રાય સરળતાથી મળશે. તેના કારણે બદલી સંબંધિત તેમની રજૂઆત અને અરજીઓનો નિકાલ ઝડપથી થશે.

# LRD CANDIDATES

ગુજરાત પોલીસ ભરતી બૉર્ડ દ્વારા લેવાયેલી લોકરક્ષક કેડરની 12 હજાર 733 જગ્યાઓ માટે લેવાયેલી લેખિત પરીક્ષામાં પાર્ટ એ અને પાર્ટ બીમાં પસંદગી પામેલા કુલ 39 હજાર 225 ઉમેદવાર પૈકી પ્રથમ તબક્કામાં 18 હજાર 322 ઉમેદવારને દસ્તાવેજ ચકાસણી માટે બોલાવાશે. જરૂર જણાશે તો વધુ ઉમેદવારોને પછીથી બોલાવાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# INDEPENDENCE DAY STATE CELEBRATION

**રાજ્ય સહિત દેશભરમાં 80-મા સ્વતંત્રતા પર્વની ઉજવણીને લઈ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આવતીકાલે અમરેલીમાં રાજ્યકક્ષાના સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાશે. તો, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વડોદરામાં ધ્વજવંદન કરશે.**

## (VOICECAST: RITA DAVE)

*(.....રાજ્યભરમાં વિવિધ મંત્રીઓ અને કલેક્ટર્સની ઉપસ્થિતિમાં આવતીકાલે 15-મી ઓગસ્ટે દેશના 80-મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાશે. તે અંતર્ગત ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી વાવ-થરાદમાં, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી તાપીમાં, કેબિનેટ મંત્રીઓ કનુભાઈ દેસાઈ સુરતમાં, જીતુ વાઘાણી રાજકોટમાં, ઋષિકેશ પટેલ અમદાવાદમાં, કુંવરજી બાવળિયા ભાવનગરમાં, નરેશ પટેલ વલસાડમાં, અર્જુન મોઢવાડિયા જામનગરમાં, ડૉક્ટર પ્રદ્યુમન વાજા સાબરકાંઠામાં અને રમણ સોલંકી અરવલ્લીમાં ધ્વજવંદન કરશે. ઉપરાંત રાજ્યકક્ષાના મંત્રીઓ ઈશ્વરસિંહ પટેલ નર્મદામાં, પ્રફૂલ પાનશેરીયા ભરૂચમાં, રિવાબા જાડેજા બોટાદમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહેશે. આ સિવાયના અન્ય જિલ્લાઓમાં કલેક્ટરની અધ્યક્ષતામાં ધ્વજવંદન સમારોહ યોજાશે.*

*રિટા દવે, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ)*

# TIRANGA YATRA

**(MUSIC..... HAR GHAR TIRANGA)**

રાજ્યભરમાં હર ઘર તિરંગા અભિયાન હેઠળ ત્રિરંગા યાત્રાઓ યોજાઇ રહી છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વડોદરામાં યોજાયેલી ત્રિરંગા યાત્રામાં જોડાયા.આ પ્રસંગે તેમણે રાષ્ટ્રધ્વજનું સન્માન જાળવવા સૌને અપીલ કરી તેમજ યુવાનોને કેફી પદાર્થથી દૂર રહેવા અનુરોધ કર્યો.

(BYTE : HARSH SANGHAVI, CHIEF MINISTER)

અગાઉ શ્રી સંઘવી આણંદમાં યોજાયેલી ત્રિરંગા યાત્રામાં પણ જોડાયા હતા.

સુરેન્દ્રનગરમાં નિવૃત રેલ કર્મચારી મંડળ, દ્વારા યોજાયેલી ત્રિરંગા યાત્રામાં રેલ્વે કર્મચારીઓ, પેન્શનરો અને સુરક્ષા જવાનો જોડાયા.

બીજી તરફ કચ્છના ગાંધીધામ ખાતે શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયા અને શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમ છાંગાની  ઉપસ્થિતિમાં જિલ્લાકક્ષાની ત્રિરંગા યાત્રા યોજાઈ. આ પ્રસંગે શ્રી અમૃતિયાએ યુવાનોને દેશની અમૂલ્ય મૂડી ગણાવીને વિકસિત ભારતના સપનાને સાકાર કરવા અનુરોધ કર્યો હતો

**(MUSIC..... HAR GHAR TIRANGA)**

# EVE WEATHER FORECAST

રાજ્યમાં હાલ છ પ્રણાલિ સક્રિય હોવાથી વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. દરમિયાન આગામી 19 તારીખ સુધી રાજ્યભરમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. તો, આવતીકાલે દક્ષિણ ગુજરાતનાં કેટલાક જિલ્લામાં વરસાદનું યલો અલર્ટ અપાયું હોવાનું હવામાન વિભાગ અમદાવાદના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)

*(कल के लिए 15th अगस्त इसमें दक्षिण गुजरात की जो जिला है, तापी,नवसारी, वलसाड, डांग, दमन, दादरा, नगर हवेली, इसमें ये लोगन के साथ आइसोलेटेड प्लेसेस में हेवी रेनफॉल का वार्निंग दिया गया है। फिशरमैन भाई के लिए आज वार्निंग दिया गया है। डे थ्री, डे फोर में स्क्वायरली विंड के साथ फिशरमैन वार्निंग है।)*

# MSR ROAD ACCIDENT

મહીસાગરમાં સર્જાયેલા માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે, લુણાવાડા સંતરામપુર માર્ગ પર હરિગઢના મુવાડા ગામ પાસે એક કાર અને દૂધના વાહન વચ્ચે અકસ્માત થતા કારમાં સવાર દાહોદના ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે કારમાં ફસાયેલા વ્યક્તિને કાટમાળ તોડી બહાર કઢાયા. આ અંગેની જાણ થતાં જિલ્લા કલેક્ટર અર્પિત સાગર તથા જિલ્લા પોલીસ વડા સફિન હસને ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

જિલ્લામાં અન્ય એક માર્ગ અકસ્માતમાં પાંચ બાળક ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. લુણાવાડાના શામળા ગામમાં એક સ્કૂલ વેંન અને અજાણ્યા વાહનના અકસ્માત બાદ ઇજાગ્રસ્ત તમામ વિદ્યાર્થીઓને હૉસ્પિટલ દાખલ કરાયા છે.

# POLICE MEDAL

સ્વતંત્રતા દિવસના પ્રસંગે ગુજરાત રાજ્ય પોલીસ દળના કુલ 19 પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને મહામહિમ રાષ્ટ્રપતિશ્રીના પોલીસ ચંદ્રક જાહેર કરાયા છે. અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્મા અને હથિયારી નાયબ પોલીસ અધિક્ષક બહાદુરસિંહ અભેસિંહ ચુડાસમાને વિશિષ્ટ સેવા અંગેના પોલીસ મેડલથી સન્માનિત કરાશે. આ સિવાય 17 પોલીસ અધિકારી અને કર્મચારીને પ્રશંસનીય સેવા અંગેના પોલીસ મેડલ એનાયત કરાશે.